ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-01 તા.26-04-2021

# દ્વારકા ખાતે 100 બેડના કોરોના આઇશોલેશન સેન્ટરનું ઉદ્ઘાટન કરતા શ્રી સી.આર.પાટીલ

---

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશીથી આજે અન્ય દેશોની સરખામણીમાં ભારતની વસ્તી વધુ હોવા છતાં આપણે હજુ સલામત રહી શક્યા છીએ:- શ્રી સી.આર.પાટીલ

---

ગજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.26 એપ્રિલના રોજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી દ્વારા દ્વારકા ખાતે શ્રી પબુભા માણેક દ્વારા શરૂ કરવામાં આવેલ કોરોના આઇશોલેશન સેન્ટરની મુલાકાત લીધી તેમજ ખંભાળિયા ખાતે ટાઉનહૉલમાં કોવિડ કેર આઇશોલેશન સેન્ટરની મુલાકાત લીધી તે બાદ ભાજપ પરિવાર આયોજીત રક્તદાન કેમ્પની પણ મુલાકાત લીધી. ત્યારબાદ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે વેક્સિનેશન માટે શરૂ કરવામાં આવેલ કૉલ સેન્ટરની મુલાકાત લીધી.

અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા જણાવવામાં આવ્યું કે,દેશ અને દુનિયામાં કોરોનાનો હાહાકાર મચેલો છે પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશીથી આજે અન્ય દેશોની સરખામણીમાં ભારત દેશની વસ્તી વધુ હોવા છતાં આપણે હજુ સલામત રહી શક્યા છીએ. કોરોનાએ ઘણા લોકોને નુકશાન પહોંચાડયું છે પરંતુ નરેન્દ્ર મોદીજીના દૂરંદેશી નિર્ણયથી મૃત્યુદર એકથી દોઢ ટકાની આસપાસ રહ્યો છે. દર્દીઓને તાત્કાલિક સારવાર મળી જાય છે અને રિકવરી પણ ઝડપથી મળી જાય છે.

શ્રી પાટીલે વધુમાં જણાવ્યુ કે, ગુજરાત રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં સમગ્ર રાજયભરમાં રેમેડિસિવીર, ઑક્સીજન સહિતની તમામ સવલતો પૂરી પાડવામાં આવી રહી છે સાથે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો, સાંસદ સભ્યો, આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંગઠનને સાથે રાખીને લોકોની મદદ લઈને દરેક વિધાનસભા વિસ્તારમાં ઓછામાં ઓછા 100 બેડના આઇશોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જે રીતે સૂચન કરવામાં આવ્યું હતું તેના પરિણામ સ્વરૂપ પબુભા માણેકના સ્વ.પિતાશ્રીના નામે 100 બેડનું આઇશોલેશન સેન્ટર દ્વારકા ખાતે આજરોજથી શરૂ કરવામાં આવે છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ કાર્યક્રમ દરમ્યાન જામનગર ના સાંસદ પૂનમબેન માડમ, માનનીય શ્રી ભીખુભાઇ દલસાનિયા, શહેર મહામંત્રી પ્રકાશભાઈ બામાણિયા, મેરામનભાઈ ભટ્ટુ, વિજયસિંહ જેઠવા, પુર્વ પ્રમુખ હસમુખભાઈ હિંડોચા, મેયર બીનાબેન કોઠારી, સ્ટે. કમી. ચેરમેન મનીષભાઈ કટારીયા, મ્યુનિ કમિશનર શ્રી સતિષભાઈ પટેલ, શહેર સંગઠન ના હોદેદારો, મીડિયા વિભાગના ભાર્ગવ ઠાકર સહિત કોર્પોરેટરો, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
**(પ્રદેશ મીડિયા કન્વીનર)**